ગાંધીનગર સમાચાર
તા. ૨૧-૩-૨૦૧૩, ગુરૂવાર

તંત્રી સ્થાનેથી.....

ગુજરાતની એ ગભરુ બાળાઓ ક્યાં છે : લોહીનો ધમધમતો વેપાર ક્યારે અટકશે?

આશરે ત્રણ હજાર કુટુંબો છેલ્લા દોઢેક વરસથી એમનાં ગૂમ થયેલાં સ્વજનો ક્યારે પાછાં ફરશે એની ચાતક નજરે રાહ જોઇ રહ્યાં છે. વિધાનસભામાં ગૂમશુદા બાળકોને શોધવાની 'સારી' કામગીરી કરવા બદલ સરકાર જાતે ને જાતે પોતાની પીઠ થાબડતી રહે છે પરંતુ હકીકત એવી તદ્દન જુદી છે. અમદાવાદના નારણપુરા વિસ્તારની તેર વર્ષની નાદાન બાળાને લોહીના વેપારમાં ધકેલી દેવાનું કાવતરૂં પોલીસે પકડી પાડ્યું છે, તે પરથી સમજી શકાશે કે છેલ્લા સવા વર્ષના સમયગાળામાં ગૂમ થયેલી અને આજ લગી પાછી નહીં ફરેલી સાડા ચારસો દીકરીઓનાં કેવા ભૂંડા હાલ થયા હશે. સરકારી અહેવાલ મુજબ વર્ષ ૨૦૧૨ દરમિયાન ચૌદ વર્ષથી ઓછી વયની ૬૯ અને પંદરથી અઢાર વર્ષની વચ્ચેની ૨૪૯ છોકરીઓ ગૂમ થયા પછી પાછી મળેલ નથી. ૨૦૧૩ના પ્રારંભિક બે મહિનાઓમાં ચૌદ વર્ષ સુધીની ૩૧ અને પંદરથી અઢાર વચ્ચેની ૧૦૦ કન્યાઓ લાપત્તા રહી છે. બહુ જ ચગડોળે ચડેલી વિશ્વા પટેલની વારતા ટૂંકી સ્મૃતિ ધરાવતા ગુજરાતીઓ કદાચ ભૂલી પણ ગયા હોય પરંતુ વખત પૂરતો આખા રાજયમાં ભારે રોષ અને આક્રોશ જોઇ રાજય સરકાર સફાળી જાગી ઉઠી હતી. જો કે હજી સુધી એ વિશ્વા પટેલ કે એના જેવી સાડા ચારસો કમનસીબ છોકરીઓ ક્યાં છે એનો કોઇ જવાબ મળ્યો નથી. પોલીસની પ્રાથમિક ફરજ કાયદો અને વ્યવસ્થા જાળવવાની છે. પરંતુ પ્રજાની સલામતીમાં આમ રોજના હિસાબે પલીતો ચંપાતો રહે છે છતાં ગૃહખાતું એની વર્ષો જુની ટેવ મુજબ આલબેલ પોકારી ઊંઘતું રહે છે તે કેવી વિડંબના છે! ગુજરાતમાં અડધી રાતે સ્ત્રી એકલી રેલ્વે સ્ટેશનથી પોતાના ઘરે સુધી જઇ શકતી હોવાના મુદ્દે દેશ અને દુનિયામાં ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા સાથી હોવાનો પ્રચાર થતો રહે છે, પરંતુ એ જ ગુજરાત ગૂમ થતાં બાળકોના મુદ્દે પણ 'નંબર-વન' બની રહ્યું છે એનું શું? શાંત અને સૌમ્ય પ્રજા માટે આથી મોટી વિટંબણા કઇ હોઇ શકે? બાળકીઓના અપહરણનો અંજામ કેવો બિહામણો હોઇ શકે તે વિચારતાં ધ્રૂજી જવાય છે. તરૂણ વયની કન્યાઓને પ્રેમપાશમાં ફસાવીને અથવા વેભવની આમલીપીપળી બતાવીને ઉઠાવી લેવામાં આવતી હોય છે. પ્રેમપ્રકરણ વાળી પુખ્યવયની યુવતીઓને તો કદાચ એમના કિસ્મત પર છોડી દઇ શકાય પરંતુ એવા કિસ્સાઓમાં પણ 'જેન્યુઇન' પ્રેમ કિસ્સા તો બહુ જ જૂજ સંખ્યામાં હોય છે. એક વાર ફસાઇ ગયા પછી એ ચક્રવ્યૂહમાંથી સલામત રીતે બહાર આવવાની નૈતિક હિંમત જ એવી યુવતીઓ ગુમાવી બેસતી હોય છે. એમનાં માતાપિતા પણ સામાજિક આબરૂના પ્રશ્ને મૂંગા બની જતાં હોય છે. અસામાજિક તત્ત્વોની ધાકથી શિયળ લૂંટાઇ ગયા પછી પોતાને નિરાધાર સમજતી નિર્દોષ, ગભરૂ બાળાઓ કિસ્મતનો વાંક કાઢી જિંદગીપર્યંત હિજરાતી રહે છે અને સામાવાળાનો અમાનુષી અત્યાચાર વેઠ્યા કરે છે. બંગાળી લેખિકા તસલીમા નસરીનની જેમ પોતાની સાથે થયેલા જુલમોની ગાથા દુનિયા સમક્ષ રજૂ કરવાની ક્ષમતા કેટલી ગુજરાતણોમાં હશે? એ તો બિચારી શરમની મારી પોતાની 'ભૂલ'નો ભોગ બનીને મરવાના વાંકે જીવ્યા કરશે અને નહીં ખમાય ત્યારે ચૂપચાપ જાતે જ જિંદગીનો અંત આણી દેશે. આવી વિકટ સ્થિતિમાં સબડતી આપણી બહેન-દીકરીઓના યોગક્ષેમ માટે આપણી લોકપ્રિય અને સક્ષમ સરકારે અત્યાર સુધી કોઇ નોંધપાત્ર કામગીરી કરી છે ખરી? જો લાપતા થયેલી કે અપહરણ કરી ખોટા ધંધાઓમાં ફસાવવામાં આવેલી આપણી બહેન-દીકરીઓની વહારે ન ચડી શકતા હોઇએ તો ગરવી ગુજરાતણોના નામે ગૌરવ લેવાનો આપણને કોઇ અધિકાર રહે ખરો? દિલ્હી મહિલાઓ માટે સલામત નથી, એવી કબૂલાત ખુદ દિલ્હીનાં મહિલા મુખ્યમંત્રી કરે છે. શું ગુજરાતની બાળાઓની શંકાસ્પદ સલામતી વિશે એવું નિખાલસ નિવેદન કરવાની ગુજરાતના મુખ્યમંત્રીમાં નૈતિક હિંમત છે?

આર.સી.પટેલ શાળામાં ઓર્બ્ઝર્વરની જો હુકમીથી વિદ્યાર્થીઓનો સમય બગડ્યો

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યભરમાં ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા યોજાઈ રહી છે. જેમાં આજરોજ ફીઝીક્સનું પેપર હતુ અને ગાંધીનગર સેકટર-૨૩માં આર.સી.પટેલ શાળામાં નિમણુંક પામેલા ઓર્બ્ઝર્વર શાળાએ બોર્ડના નિયમ મુજબ ગોઠવેલી વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા બદલી નાખવા પરમાન કર્યુ. વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થા ઉપર બેસી ગયેલ અને પરીક્ષાનો સમય શરૂ થઈ ગયો હોવા છતાં આ પ્રકારની જોહુકમી સામે સ્થળ સંચાલકે બેઠક વ્યવસ્થા યોગ્ય હોવાનું ઓર્બ્ઝર્વરને જણાવ્યા છતાં મનમાની કરી વ્યવસ્થા બદલીને વિદ્યાર્થીઓનો કિંમતી સમય બગાડ્યો હતો. પેપર પૂર્ણ થયા બાદ વાલીઓને આ અંગે જાણ થતા ભારે આક્રોશ જોવા મળી રહ્યો હતો.

મળેલ વિગત મુજબ કડી સર્વવિદ્યાલય સંચાલિત આર.સી.પટેલ શાળામાં ફીઝીક્સના પેપરની પરીક્ષા હતી. દરમ્યાન બોર્ડે મોકલેલા ઓર્બ્ઝર્વરે બરાબર પરીક્ષા શરૂ થવાની તૈયારી હતી ત્યાં જ બેઠક વ્યવસ્થા બદલી નાખવા પરમાન કર્યું. સ્થળ સંચાલક સી.પી. પટેલે ઓર્બ્ઝર્વરને બોર્ડના નિયમ મુજબ જ બેઠક વ્યવસ્થા હોવાનું જણાવી બેઠક વ્યવસ્થા બદલવાની જરૂરીયાત ન હોવાનું જણાવ્યું હતું.

છતાં પણ ઓર્બ્ઝર્વર પોતાની મનમાની ઉપર અડગ રહેતા આખરે પરીક્ષા શરૂ થયાના સમય દરમ્યાન શાળાના વિદ્યાર્થીઓની બેઠક વ્યવસ્થા બદલવાની ફરજ પડાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓના ૧૦ થી ૧૫ મિનિટ જેટલો કિંમતી સમય બગડ્યો હતો અને ઓર્બ્ઝર્વરની મનમાનીએ હોંશીયાર વિદ્યાર્થીઓની કારકિર્દીને અસર પહોંચાડી હતી.

આ અંગે સ્થળ સંચાલકને પુછતા તેઓએ જણાવ્યું હતું કે આ અંગે રજુઆત કરવા ઝોનલ કચેરીએ પહોંચ્યો છું. તેમજ ઝોનલ અધિકારી સી.એસ. પટેલે જણાવ્યું હતું કે આ બાબતે તપાસ કરી યોગ્ય પગલાં ભરીશુ તેમજ હવે પછી વિદ્યાર્થીઓનો સમય ન બગડે તેનું પણ પુરતુ ધ્યાન રખાશે. વાલીઓમાં ઓર્બ્ઝર્વરની વર્તણુકના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે અને બેઠક વ્યવસ્થા જેવી બાબતે પોતાની જોહુકમી ચલાવતાં આવા ઓર્બ્ઝર્વરને કામગીરીથી દૂર કરી દેવા પ્રચંડ માંગ ઉઠી છે.

સાહેબ, સાચું કહું છું કોઇ કાપલી મારી પાસે નથી... હવે તો બારમું ધોરણ નાપાસ વાળા પણ એન્જિનીયર બની જાય છે...!!

હિમાલય ફાઉન્ડએશન દ્વારા સંચાલિત 'કરૂણા' માનસિક વિકલાંગ બાળકોની શાળા અને પૂર્નવસન કેન્દ્ર દ્વારા એક સુંદર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. ધોળેશ્વર મહાદેવ મંદિરના દર્શન બાદ બાળકોએ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લઈ નૈસર્ગિક વાતાવરણનો આનંદ માણ્યો હતો. આ પ્રવાસનું આયોજન જયશ્રી જ્વેલર્સ, વલ્લભપાર્ક તથા રામેશ્વરભાઈ-રોહિતભાઈના સહયોગથી કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના મિત્રો અને વાલીઓનો સહયોગ પણ અનન્ય રહ્યો હતો.

શિવરંજની દ્વારા સુપરસ્ટાર રાજેશખન્નાને સુરાંજલિ

ગાંધીનગર, તા. ૨૦

હિન્દી ફિલ્મ જગતમાં 'કાકા'ના હુલામણા નામથી જાણીતા ભારતીય ફિલ્મ જગતના સુપરસ્ટાર રાજેશખન્ના, કે જેમણે થોડા સમય પહેલાં આપણી વચ્ચેથી વિદાય લીધી છે. તેઓશ્રી સદેહે આપણી વચ્ચે ન હોવા છતાં પણ તેમની અનોખી અદા અને તેમની ફિલ્મોના અનેક યાદગાર ગીતોના કારણે આજે પણ આપણા સ્મૃતિપટ પર સદાને માટે એક ચોક્કસ સ્થાન પર બિરાજેલ છે. તેમની લોકપ્રિયતા બાબુ મોશાય, કાકા જેવા તેમનાથી ચહિતા બનેલા શબ્દોમાં મળે છે. શ્રી રાજેશખન્ના અભિનિત ફિલ્મોના અનેક ગીતો આજે પણ આપણે ગુનગુનાઈએ છીએ. આવા એવરગ્રીન કલાકારની યાદગીરીને બખૂબીથી રજુ કરવા જિતિન-અમીત ઓરકેસ્ટ્રા, અમદાવાદ દ્વારા શ્રી રાજેશખન્નાના જાણીતા અને માનીતા ગીતો ગુનગુનાવવાનો કાર્યક્રમ 'જિંદગી કા સફર... હૈ યે કૈસા સફર...' 'શિવરંજની' દ્વારા તા. ૨૩-૩-૨૦૧૩, શનિવારના રાત્રે ૯.૩૦ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે સંસ્થાના સભ્યો માટે યોજેલ છે. જેમાં તમામ સભ્યશ્રીઓને હાર્દિક નિમંત્રણ છે.

એન્જિનિયરીંગ અભ્યાસક્રમ માટે ૮૦૦૦ બેઠક વધી જશે

અમદાવાદ, તા.૨૦

રાજ્યની એન્જિનિયરીંગ કોલેજોમાં બેઠકો વધારવા માટે એઆઈસીટીઈ દ્વારા મંજુરી આપી દેવામાં આવી છે. જેથી આગામી સત્રથી એન્જિનિયરીંગની બેઠકોમાં વધારો જોવા મળશે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયમાં એન્જિનિયરીંગની ૮૦૦૦ જેટલી બેઠકો વધી હોવાનું જાણવા મળ્યુ છે. રાજયના વિદ્યાર્થીઓમાં એન્જિનિયરીંગના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓનો ક્રેઝ વધી રહ્યો છે. જેના પગલે રાજ્ય સરકાર દ્વારા નવી એન્જીનિયરીંગ કોલેજોની મંજુરી અને કેટલીક કોલેજોમાં બેઠકો વધારવા માટે રાજ્ય સરકાર અને એન્જિનિયરીંગ કોલેજો દ્વારા એઆઈસીટીઈ સમક્ષ અરજી કરવામાં આવી છે. જેને એઆઈસીટીઈની મંજુરી મળી જતા આગામી સત્રથી રાજ્ય એન્જિનિયરીંગ કોલોજોમાં વધારો જોવા મળશે. સુત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ અત્યાર સુધી રાજ્યની એન્જિનિયરીંગ કોલેજોને ૯૦૦૦ બેઠકો વધારવા માટે મંજુરી આપી દેવામાં આવી છે. જો કે પ્રવેશ કાર્યવાહી શરૂ થાય ત્યા સુધી નવી કોલેજોની મંજુરીઓ સહિત વધુ બેઠકો વધે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. જેમાં આગામી શૈક્ષણિક સત્રથી રાજ્યના વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે. પરિણામે રાજ્યના વિદ્યાર્થીઓને એન્જિનિયરીંગ અભ્યાસક્રમમાં વધુ પસંદગી અને અવકાશ મળશે આ ઉપરાંત એન્જિનિયરીંગના અભ્યાસ માટે રાજ્ય બહાર જતા વિદ્યાર્થીઓના પ્રમાણમાં પણ ઘટાડો આવશે. એન્જિનિયરિંગની બેઠકો વધવા માટે અન્ય કેટલાક કારણો પર જવાબદાર છે.એકબાજુ વધુને વધુ વિદ્યાર્થીઓ આ અભ્યાસક્રમ માટે આગળ આવી રહ્યા છે. ત્યારે બીજી બાજુ આ ક્ષેત્રના વિદ્યાર્થીઓને ખુબ સારી તક મળે છે તેમ પણ માનનાર નિષ્ણાંતો વધારે છે. વાલીઓ પણ પોતાના બાળકોને આવા અભ્યાસક્રમ માટે જ પ્રેરિત કરે છે. આ તમામ કારણોસર બેઠકો પણ સરકાર વધારી રહી છે.

રાંધેજાની જે.એસ. પટેલ શાળામાં વિશ્વ ગ્રાહક દિનની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૨૦

જે.એસ. પટેલ વિદ્યામંદિર રાંધેજા ખાતે વિશ્વ ગ્રાહક દિન નિમિત્તે નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

રાંધેજા ખાતે આવેલી જે.એસ. વિદ્યામંદિર ખાતે વિશ્વ ગ્રાહક દિન અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ ૯ અને ૧૧ના ૧૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. નિબંધ સ્પર્ધામાં ધોરણ ૧૧ના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે પટેલ સ્વીટી ડી., દ્વિતીય ક્રમે પઢાર ધર્મિષ્ઠા ડી., તૃતીય ક્રમે દરજી ખુશ્બુ એલ. તેવી જ રીતે ધોરણ-૯ના વિદ્યાર્થીઓમાં પ્રથમ ક્રમે સુથાર નિધી આર., દ્વિતીય ક્રમે લાવારીયા પ્રિયા એચ., તૃતિય ક્રમે શર્મા આશા જી.એ. મેળવેલ હતો.

વિજેતા વિદ્યાર્થીઓને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યા હતા. નિબંધ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે બી.બી. પટેલ હાજર રહ્યા હતા જયારે પી.જી. પ્રજાપતિએ ઉપસ્થિત વિદ્યાર્થીઓને ગ્રાહક સુરક્ષા સમિતિના કાર્યો અને તેના મહત્વ વિશે સવિસ્તાર માહિતી આપી હતી. કાર્યક્રમના અંતે સર્વ વિદ્યાર્થીઓને ચોકલેટ વિતરણ કરવામાં આવી હતી.

આજે ધોરણ ૧૨ સાયન્સમાં અંગ્રેજી ભાષાનુ પેપર રહેશે

અમદાવાદ, તા.૨૦

રાજયમાં બોર્ડની પરીક્ષા તેના અંતિમ તબક્કામાં પ્રવેશી ચુકી છે. ત્યારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ગુરુવારે છેલ્લું પેપર લેવામાં આવશે જેમાં વિદ્યાર્થીઓ સમાજશાસ્ત્રનું પેપર આપશે. જ્યારે બીજી બાજુ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ ગુરુવારે અંગ્રેજી વિષયનું પેપર આપશે.

ગુરુવારે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાનું છેલ્લું પેપર આપવા જઈ રહ્યા છે. જેમાં વિદ્યાર્થીઓ સમાજશાસ્ત્રનું પેપર આપશે. સમાજશાસ્ત્રનું પેપર પ્રમાણમાં સામાન્ય પ્રવાહ માટે અઘરુ માનવામાં આવતું હોવાથી પરીક્ષા પૂરી થતા પહેલા વિદ્યાર્થીઓ છેલ્લીવારના રીવિઝનમાં વ્યસ્ત બની ગયા છે. જ્યારે બીજી બાજુ ધોરણ ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ ગુરુવારે મુખ્ય વિષયોથી હટીને અંગ્રેજી ભાષાનું પેપર આપશે. ધોરણ ૧૨ સાયન્સ -એ વિભાગના વિદ્યાર્થીઓના ત્રણેય મુખ્ય વિષયના પેપર પુરા થઈ ચુક્યા છે.

"જુવાનિયાઓ-કુંવારાઓને કોઇ 'મીસ' કોલ કરે એ સમજાય પણ પરણેલાને ઉંમરવાળાઓને કઇ મીસ, શું કામ કોલ કરે છે એ ખબર નથી પડતી!" લાલાકાકાને મૂંઝવતો પ્રશ્ન

...ને રેડ અંકલ ધૂળેટી પૂર્વે જ, વગર કલર્સે રાતાપીળા થઈ ગયા

ગુરૂવારની ગપસપ
– પ્રકાશ લાલા

"રંગ દે... ઓ મેરા રંગ દે બસંતી ચોલા... મા... રંગ દે..."

ચોકઠા પરિષદની રાત્રિ બેઠકમાં આ ગીત ગાતાં ગાતાં રેડ અંકલે એન્ટ્રી મારી એટલે અમે બધાં આશ્ચર્યમાં પડી ગયા.

કુલકર્ણીજીએ તો પૂછી જ નાંખ્યું : "અંકલ, તુમાલા, આ સૉંગ કસા યાદ આવ્યાં?"

"એ ભેળસેળિયા, તું તારૂં મરાઠી અને અમારૂં ગુજરાતી બગાડીશ નહીં." કાકાએ કુલકર્ણીજીને ધમકાવી નાખતાં કહ્યું : "અલ્યા, સામે રંગોનો તહેવાર આવે છે તે રંગનું જ ગીત યાદ આવે ને!" ને પાછા એ ગીત ગાવા માંડયાં : "મેરા રંગ દે બસંતી ચોલા મા... રંગ દે... હો રંગ દે..."

લાલાકાકાના આટલા બધા આનંદ-ઉત્સાનું રહસ્ય અમને સમજાતું હતું કે તેઓશ્રી હોળી -ધૂળેટીની ઉજવણીનો પ્રોગ્રામ કરવાનાં મૂડમાં આવ્યા છે.

એ વિશે અમે કંઇક કહીએ તે પહેલાં નવા ચોકઠાવાસી યુવાન અભિષેકે અંકલની ભૂલ સુધારવા નમ્ર પ્રયાસ કર્યો : "પણ અંકલ, તમે ગાવ છો એ હોળી-ધૂળેટીના રંગોનું ગીત નથી..."

"શું?"

"હા... આ તો દેશભક્તિના રંગે રંગાવાની વાત કરતું ગીત છે... અત્યારે તો ગવાય કે રંગ બરસે ચુનરવાલી, રંગ બરસે..."

"એમ?" કાકાએ અભિષેક સામે કરડાકીથી જોઇને હાઇ વોલ્યુમમાં એનો ઉઘડો લીધો : "બહુ ડાહ્યો, હોં! હું ગાઉં છું એ ગીત તો છે ને? એમાં રંગની વાત આવે છે કે નહીં? પછી શી તકલીફ છે તને, હેં?" કાકા પડ્યા પણ ધોતી અધ્ધર રાખી રહ્યા હતા. એ જોઇ અમે બધા મલકાયા. અંકલના અવળા એટેકથી અજાણ્યો અભિષેક ઝંખવાયો પડી ગયો. એ જોઇ પંચાલભાઇ ઉશ્કેરાયા.

મોંમાથી તમાકુ મિશ્રિત લાલ પીંચકારીથી ધરતી માતાને ધૂળેટી રમાડતા એ બોલ્યા : "હા... ગાવ, કાકા, તમારે મનફાવે એ ગીત ગાવ. પણ મનમાં...તમારો અવાજ સાંભળીને લોકો કંઇક ઝઘડો કે ધમાલ થઇ છે એમ સમજીને ભેગા થઇ જશે."

પંચાલની વાત સાંભળી કાકા ખિજાયા ને ગુસ્સામાં પોતાની પૂળા જેવી મૂછો ચાવવા લાગ્યા. અમને થયું કે નાહક લાલાકાકા જેવા વડીલને નારાજ કરવાથી શું ફાયદો? એટલે અમે એમને મૂડમાં લાવવા રેડ અંકલને મનપસંદ વાત છેડી : "કાકા, તમે કંઇક રંગના તહેવારની વાત કરતા હતા..."

"હા, પનુભાઇ! હું એ જ કહેવા આવ્યો હતો કે રંગનું પર્વ ધૂળેટી ઉજવવાનો પ્રોગ્રામ નક્કી કરીએ. પણ વચ્ચે આણે એના ગીતોનાં જ્ઞાનની હોંશિયારી દેખાડી એટલે મારી લીંક તૂટી ગઇ..."

"હશે અંકલ... માફ કરી દો અંતે..." અમે કહ્યું.

"ઠીક છે, પનુભાઇ, તમે કહો છો તો માફ કરી દઉં છું. બાકી તો..."

"નહીં તો શું કરી લેશો, હેં? ઘવાયેલા અભિષેકનું જુવાન લોહી ઉકળી ઊઠ્યું."

"શું તે... એ આખું ગીત તમને બધાને ઘરાર સંભળાવ્યા વિના ના છોડત, હા... બીજું શું!!" લાલાકાકાએ ફેંરવી તોળ્યું ને મૂછ નીચી કરી તેથી અમે હસી પડ્યા. કાકાએ કહ્યું : "પનુભાઇ, આપણે ધૂળેટીનો સરસ પ્રોગ્રામ કરીએ..."

"પણ પહેલાં હોળી આવે છે એની ઉજવણીનું શું?" દરજીભાઇએ ઓડિટ વાંધો કાઢ્યો.

"અલ્યા મેજરટેપ, કાતર... હોળીમાં શું ઉજવવાનું? આપણે મધ્યમવર્ગને તો રોજ રોજ હોળી જ હોય છે ને." કાકા તાડૂક્યા...

"એટલે?"

"એટલે એમ કે આ શાકભાજી, કઠોળ, તેલ, પેટ્રોલ, રાંધણગેસ, ઇલેક્ટ્રીસીટી બધાના કમ્મરતોડ ભાવોને લીધે આપણા ઘરે તો રોજની હૈયા હોળી પ્રગટેલી જ હોય છે ને... પછી બીજી હોળી ઉજવાની કે પ્રગટાવવાની જરૂર જ ક્યાં છે!" રેડ અંકલે વાસ્તવિકતાનો અસલ કલર દેખાડ્યો.

"કાકાની વાત સાવ સાચી છે." પટેલભાઇ બોલ્યા : "ઘરમાં આવક-જાવકના બે છેડા સરખા કરવામાં રોજ ભૈરી-છોકરાં જોડે હોળી સળગે છે."

"એ ગમે તે હોય. હોળી માટે ચોકઠાના છોકરાઓની ટીમ કામે લાગી ગઇ છે. લાકડાં-છાણાં, શ્રીફળ-ધાણી ને પૂજા માટે ફાળો ઉઘરાવવાનું એ ટૂકડીએ શરૂ કરી દીધું છે." દરજી બોલ્યા : "અંકલ, તમારે ત્યાં ફાળો લેવા નથી આવ્યા એ લોકો?"

"ત્યાં ભૂલે ચૂકેય ના જાય કેમ કે ફાળાના પૈસાના બદલે સલાહોનો ઘોઘ વરસાવી લાલાકાકા એમને અધમૂઆ કરી દે... એટલી એનર્જી ત્યાં ખરચવા કરતાં બે ઘર વધારે ફરી શકે, બિચારા..." લાલાકાકા ના સાંભળે એમ પંચાલે ધીરે રહીને સૂરસૂરિયું સળગાવ્યું.

"અલ્યા મસાલાખાઉં, તું શું ગુસપુસ કરે છે, હેં? જરા બધાને સંભળાય એમ બોલને..." કાકા બબડ્યા : "જૂઓ ભાઇ, મારે ત્યાં હોળી માટે પૈસા લેવા આવે તો ના જ આપું કેમ કે, હોળી સામે મારો વિરોધ છે."

"કેમ, અંકલ?" અમે પૂછ્યું.

"હું પર્યાવરણ બચાવવામાં માનું છું. હોળીના નામે લાકડાં બાળવાં એટલે પર્યાવરણને નુકશાન પહોંચાડવું." કાકાએ એમનાં વિરોધનું કારણ જણાવ્યું.

"બરાબર આહે... તરા આપણ લોક હોળી - ધૂળેટી નહીં ઉજવવા જોઇએ." કુલકર્ણી બોલ્યા.

"ના, ધૂળેટી તો ઉજવીએ જ. મારો વિરોધ ખાલી હોળી સામે છે." કાકાએ એમના પ્રોગ્રામનો એકડો નીકળી જાય તે પહેલાં કહી દીધું.

એટલામાં પેલા અભિષેકનો મોબાઇલ રણક્યો. બધાનું ધ્યાન ધૂળેટીની ચર્ચામાંથી એની તરફ ગયું. અભિષેકે ગજવામાંથી મોબાઇલ કાઢીને જોયું. દરમિયાનમાં રીંગ બંધ થઇ ગઇ. એ બોલ્યો : "કોઇ મીસ કોલ હતો!"

"અલ્યા ભઇ, તારા જેવા જુવાનિયા અને કુંવારાઓને કોઇ 'મીસ' કોલ કરે એ સમજી શકાય એવી વાત છે પણ આ પરણેલાઓ ને ઉંમરવાળાઓને કઇ 'મીસ', શું કામ કોલ કરતી હશે એ ખબર નથી પડતી." કાકાએ અભિષેકને ઠંડો કરવા જોક કરી અને પછી પોતાની જોક પર 'હાઇ વોલ્યુમ'માં હસ્યા. એમને કંપની આપવા અમે બધા પણ હસ્યા.

પછી પાછા પોતાની મૂળ વાત ઉપર આવતાં પ્રોગ્રામ પ્રેમી લાલાકાકા બોલ્યા : "હોળી નહીં, ધૂળેટી સહી."

અમે પૂછ્યું : "ધૂળેટીનો શો પ્રોગ્રામ તમારા મગજમાં છે, અંકલ?"

ત્યાં જ પાનની પીંચકારી ઉડાડતાં પંચાલભાઇ બોલ્યા : "આ ઉંમરે કાકા તમે લોકોને રંગે રમાડવા જશો?"

"તું ચૂપ રહે. તું તો બારે મહિના મોંમાથી લાલ રંગ રેલાવી આજુબાજુવાળાને ધૂળેટી રમાડતો જ હોય છે. મેં કહ્યું કે હું રંગે રમાડીશ બધાને, હેં?" કાકા બોલ્યાં.

"તો શું આપણે ચોક વચ્ચે પાણીનો હોજ બનાવી બધાંને એમાં નવડાવીશું? ધૂળેટીમાં નાનાં છોકરા કે યુવક-યુવતીઓ રંગે રમે એ બરાબર પણ આપણે એવો પ્રોગ્રામ કરીએ એ ના શોભે!" ઓડિયર શ્રીમાન દરજીએ વાંધો લીધો.

"અને રંગો હવે કેમિકલવાળા આવે છે. એનાથી રમવાથી તો આંખો અને ચામડીને નુકશાન થાય છે... માટે..."

"નો કલર્સ સેલીબ્રેશન!" પટેલભાઇની વાત પુરી કરતાં કુલકર્ણીજી બોલી ઊઠ્યા : "આપણો પન કલર્સની ધૂળેટી નહીં કરવાના અને છોકરાઓને પન નહીં."

ચારે તરફથી વિરોધ નોંધાતા રેડ અંકલ થોડીક ક્ષણો માટે પીળા પડી ગયા. પછી એમણે જાહેરાત કરી : "પહેલા મારો પ્રોગ્રામનો શો આઇડિયા છે તે સાંભળી લો. ધૂળેટી એટલે આનંદ ઉમંગનો તહેવાર એટલે ઉજવણી તો થવી જ જોઇએ. કલર, નુકશાન કરે છે તો એનાંથી નહીં રમવાનું પણ પાણીથી તો રમવા દેવાય ને... અને બાળકો, યુવાનો - વહુવારૂઓ, મહિલામંડળ પાણીથી ધૂળેટી રમ્યા પછી થાકી ગયા હોય એટલે રસોડે રજા અને સમૂહમાં જમવાનો પ્રોગ્રામ કરવાની વાત છે."

લાલાકાકાને મૂળ ભોજનમાં રસ છે, એ વાત સમજાઇ ગઇ... અંકલે આગળ ચલાવ્યું : "આ સમૂહ ભોજન માટે મેનુ નક્કી કરીએ, ફાળો ઉઘરાવીએ, વ્યવસ્થા માટે કમિટી રચીએ - કામ વહેંચીએ... હવે ધૂળેટી નજીક છે એટલે વેળાસર તૈયારી શરૂ કરવી પડશે."

"એક મિનિટ!" અત્યાર સુધી મૂક પ્રેક્ષક બનીને સાંભળી રહેલા ગણતરીબાજ શેરબજારીયા ગાંધી (બાપુ નહીં હોં!) ઉવાચ : "આપણે પર્યાવરણને જાળવવા હોળીનો વિરોધ કરીએ છીએ તો સામે ઉનાળો છે, સૌરાષ્ટ્ર અને અંતરિયાળ ગામડામાં વસતાં આપણા ભાઇ-બહેનોને પંદર પંદર દિવસેય પીવાનું પાણી પહોંચતું નથી એવા સંજોગોમાં ધૂળેટીની ઉજવણીના નામે પાણીનો વ્યય-બગાડ પણ ના જ શોભે... એટલે હું ધૂળેટીની ઉજવણીનો વિરોધ કરૂં છું."

"શું?" અંકલના પ્રોગ્રામમાં પંચર પડતું જોઇ એમના મોંમાંથી હવા નીકળી ગઇ...

"ગાંધીજીની વાત તો હન્ડ્રેડ પર્સન્ટ ચાંગલી આહે" કુલકર્ણીએ કહ્યું...

"હા... પણ ધૂળેટીના દિવસે ખાલી સમૂહ ભોજનનો પ્રોગ્રામ કરીએ તો..."

પણ અંકલ પૂરૂં બોલી રહે તે પહેલાં યુવાન અભિષેકથી આગેવાની હેઠળ સૌ બોલી ઊઠ્યાં : "ધૂળેટીમાં નો કલર્સ, નો વેસ્ટેજ ઓફ વોટર તો પછી સમૂહ ભોજન પણ નહીં!!"

આટલું બોલીને બધાએ સભા બરખાસ્ત કરી અને રેડ અંકલ ધૂળેટી પહેલાં જ, વગર કલર્સે રાતાચોળ થઇ પોતાની પૂળા જેવી મૂછો ચાવતા બેસી રહ્યાં.